

Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર Mo- 9016924808 સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-03, ISSUE- 27,(SURAT), DATE-24/12/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૩, અંક-૨૭, (સુરત), તા.૨૪/૧૨/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 સંતાનવિહોણા દંપતીએ પડોશીની બાળકીનું અપહરણ કર્યું: સુરત ગ્રામ્ય પોલીસે બિહારથી હેમખેમ છોડાવી

3 ભારતને ૧૦૦ ટકા સ્વચ્છ હવા મેળવવામાં ૧૮૮ વર્ષ લાગશે

4 બારડોલી ભુવનેશ્વરી સોસાયટીના ૨૧૮ મતદારોના નામ નવી યાદીમાં ગાયબ

## ભારતની ચલણી નોટો પરથી મહાત્મા ગાંધીની તસવીર હટાવવાની તૈયારી: રાજયસભા સાંસદનો દાવો

મનરેગા નું નામ બદલવાને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે હવે એક નવો વિવાદ ઊભો થયો છે. CPI ના રાજયસભા સાંસદ જોન બ્રિટાસે કેન્દ્ર સરકાર પર ગંભીર આરોપ લગાવતા દાવો કર્યો છે કે, સરકાર ભારતીય ચલણી નોટો પરથી મહાત્મા ગાંધીની તસવીર હટાવવાની તૈયારી કરી રહી છે.

સાંસદ જોન બ્રિટાસે મીડિયા સાથેની વાતચીતમાં દાવો કર્યો હતો કે, કરન્સી નોટો પરથી ગાંધીજીની તસવીર હટાવવા માટેનું પ્રારંભિક પ્લાનિંગ થઈ ચૂક્યું છે. તેમણે કહ્યું કે, 'ઉચ્ચ સ્તરે આ અંગે પ્રથમ તબક્કાની ચર્ચા પણ થઈ ગઈ છે. આ માત્ર અટકળો નથી, પરંતુ દેશના પ્રતીકોને ફરીથી લખવાના એક મોટા ષડયંત્રનો ભાગ છે. સરકાર ગાંધીજીના બદલે ભારતની વિરાસત દર્શાવતા અન્ય પ્રતીકો લાવવા પર વિચાર કરી રહી છે.'



વર્ષ ૧૯૯૬ માં જયારે 'મહાત્મા ગાંધી સિરીઝ'ની નોટો બહાર પાડવામાં આવી, ત્યારથી જ ગાંધીજીની તસવીર ભારતીય કરન્સી પર કાયમી બની ગઈ છે. જોકે, ૨૦૨૨ માં જયારે એવી ચર્ચાઓ ઉઠી હતી કે નોટો પરથી ગાંધીજીનો ફોટો હટાવી દેવામાં આવશે, ત્યારે RBI એ આ અહેવાલોને સદંતર ફગાવી દીધા હતા.

સેન્ટ્રલ બેન્કે ત્યારે સત્તાવાર નિવેદન આપતા સ્પષ્ટ કર્યું હતું કે, ગાંધીજીની તસવીર બદલીને અન્ય કોઈ વ્યક્તિનો ફોટો મૂકવાનો કોઈ જ પ્રસ્તાવ નથી. આ સ્પષ્ટતા એવા સમયે કરવી પડી હતી જયારે મીડિયામાં એવા દાવા થયા હતા કે RBI અને નાણા મંત્રાલય કેટલીક નોટો પર રવીન્દ્રનાથ ટાગોર અથવા એ.પી.જે. અબ્દુલ કલામની તસવીરો મૂકવા પર વિચાર કરી રહ્યા છે.

હવે આ વિવાદ ફરી એકવાર ત્યારે વકર્યો છે જયારે સરકારે 'મનરેગા'નું નામ બદલીને તેને 'રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ)' એટલે કે VB-G RAM G બિલમાં ફેરવી દીધું છે. વિપક્ષનો આરોપ છે કે સરકાર દરેક જગ્યાએથી ગાંધીજીનું નામ ભૂંસી નાખવા માટે જ આ બધું કરી રહી છે. આ વિવાદ એવા સમયે ઊભો થયો છે જયારે સરકારે 'મનરેગા' નું નામ બદલીને 'રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ)' એટલે કે VB-GRAMG બિલ રજૂ કર્યું છે. વિપક્ષનો આરોપ છે કે સરકાર દરેક જગ્યાએથી ગાંધીજીનું નામ હટાવવા માંગે છે. ચલણી નોટોના વિવાદની સાથે જોન બ્રિટાસે કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી પર પણ આકરા પ્રહારો કર્યા હતા. પીએમ મોદીએ યોજેલી 'ટી પાર્ટી'માં પ્રિયંકા ગાંધીની હાજરીને તેમણે લોકશાહી માટે શરમજનક ગણાવી હતી. બ્રિટાસે સવાલ ઉઠાવ્યો હતો કે, જયારે સરકાર ગરીબોને નુકસાન કરતો કાયદો પસાર કરી રહી છે.

ત્યારે વિપક્ષી નેતાઓ સરકારના આવા કાર્યક્રમોમાં કેમ જાય છે? તેમણે વધુમાં પૂછ્યું કે, પ્રિયંકા ગાંધી પાસે કોંગ્રેસમાં કોઈ સત્તાવાર હોદ્દો નથી, તો પછી તેમને આ સમારોહમાં જવાની શું જરૂર હતી? અંતમાં તેમણે કટાક્ષ કરતા કહ્યું કે, કદાચ નોટો પરથી ગાંધીજીનો ફોટો હટી જશે તો પણ પ્રિયંકા અને તેમના મિત્રો સરકારના આવા સ્વાગતમાં જતા જ રહેશે. બ્રિટાસના આ નિવેદનથી હવે વિપક્ષની એકતા અને ગાંધીજીના વારસાને લઈને સોશિયલ મીડિયા પર નવી ચર્ચા છેડાઈ છે.

## હર ઘર સ્વદેશી અભિયાન અંતર્ગત વિશેષ કાર્યક્રમ યોજાયો
## સોનગઢ સરકારી કોલેજમાં હર ઘર સ્વદેશી અભિયાન અંતર્ગત વિશેષ કાર્યક્રમ યોજાયો



સોનગઢ- સોનગઢ સ્થિત આર્ટસ અને કોમર્સ કોલેજ ખાતે શુક્રવારે ૧આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન અંતર્ગત હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી થીમ હેઠળ એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રમતગમત, ઉદ્યોગ અને પ્રવાસન રાજયમંત્રી ડો. જયરામભાઈ ગામીત ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

મંત્રીએ કોલેજના અંદાજિત ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓને સંબોધતા સ્વદેશી વસ્તુઓના ઉપયોગ માટે અનુરોધ કર્યો હતો. ડો. ગામીતે આગળ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવાની પરિકલ્પનાને સાકાર કરવા માટે યુવા પેઢી મજબૂત આધારસ્તંભ છે. જો આપણે સૌ સ્વદેશી વસ્તુઓનો આગ્રહ રાખીએ, તો દેશના અર્થતંત્રને મોટો વેગ મળશે.

સ્વદેશી અપનાવવા થી જ આપણે દેશને આત્મનિર્ભરતા તરફ લઈ જઈ શકીશું. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, જે રીતે ગાંધીજીએ સ્વદેશીના આગ્રહ પર ભાર મૂક્યો હતો, તેવી જ રીતે આજે વડાપ્રધાન દેશને આર્થિક રીતે સદ્ધર બનાવવા માટે સ્વદેશી ચીજવસ્તુઓ વાપરવાનું આહ્વાન કરી રહ્યા છે. કાર્યક્રમના અંતે મંત્રી અને ઉપસ્થિત મહાનુભાવોએ વિદ્યાર્થીઓને સ્વદેશી વસ્તુઓના વપરાશ અને આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે સામૂહિક પ્રતિજ્ઞા લેવડાવી હતી. આ પ્રસંગે કોલેજના આચાર્ય રાજેશભાઈ પટેલે સ્વાગત પ્રવચન કરી મહેમાનોને આવકાર્યા હતા.

## હિન્દુઓના વસિયતનામાને લઈને મોટો નિર્ણય, હજારોનો ખર્ચ અને ૧૮ મહિનાના વિલંબથી મુક્તિ

ભારતની સંસદે સુધારો કરીને હિન્દુઓ સહિત અનેક સમુદાયોને અનેક કેસોમાં વસિયત માટે ફરજિયાત પ્રોબેટ-કોર્ટે માન્યતા લેવાની જરૂર રહેશે નહીં. પ્રોબેટના નિયમોના જાણકારોનું કહેવું છે કે મૃત સ્વજનના વસિયતનામાનો અમલ કરવા માટે પહેલા પ્રોબેટ લેવો પડતો હતો. આ પ્રોબેટ મેળવવામાં ઘણીવાર બારથી અઢાર મહિના લાગી જતા હતા. તેમ જ પ્રોબેટ મેળવવા માટે ૫૦ હજાર રૂપિયાથી વધારેનો ખર્ચ પણ થઈ જતો હતો. હવે આ ખર્ચની જફામાંથી મુક્તિ મળી જશે.

અંગ્રેજોનના સમયથી વસિયતનો અમલ કરાવવા માટે કોર્ટની માન્યતા મેળવવાનો નિયમ હતો. ભારતની સંસદે કોર્ટની માન્યતા લેવાની




સિસ્ટમને કાઢી નાખવાનો નિર્ણય કર્યો હોવાથી દેશના અનેક પરિવારો માટે વસિયતનો અમલ કરાવવો સરળ બની જશે. ભારતની સંસદમાં જૂના કાયદાઓ રદ કરતા અને સુધારાઓ અમલમાં લાવતા ખરડા-(Repealing and Amending Bill, 2025) પસાર કરી દેવામાં આવતા આ સુધારો અમલમાં આવી ગયો છે. પ્રસ્તુત બિલના માધ્યમથી ૭૧ જૂના અને વર્તમાન સમયમાં અપ્રસ્તુત ગણાતા કાયદાઓ રદ કરવામાં આવ્યા છે. તદુપરાંત ચાર અન્ય કાયદાઓમાં ફેરફાર કરીને કાયદાકીય માળખું સરળ બનાવવામાંઆવ્યુંછે. બ્રિટીશ કાળથી અમલમાં આવેલી ભેદભાવપૂર્ણ જોગવાઈઓ દૂર કરી દેવામાં આવી છે.

## વિકાસના નામે વિનાશ અરવલ્લીના ૯૦ ટકા ડુંગરોનો ભૂમાફિયા સફાયો કરશે

નવી દિલ્હી : દિલ્હીથી ગુજરાત સુધી ફેલાયેલી અરવલ્લી પર્વતમાળામાં ખોદકામના મુદ્દે દેશભરમાં સોશિયલ મીડિયાના માધ્યમથી સેવ અરવલ્લીનું કેમ્પેઈન ચાલી રહ્યું છે. રાજસ્થાનના અનેક શહેરોમાં અરવલ્લી બચાવોના નારા સાથે દેખાવો થયા હતા. કેટલાક સ્થળોએ દેખાવકારો અને પોલીસ વચ્ચે ઘર્ષણ પણ થયું હતું. જોધપુરમાં દેખાવકારો પર પોલીસે લાઠીચાર્જ કર્યો હતો. ઉદયપુરમાં દેખાવકારોની અટકાયત કરવામાં આવી હતી. સીકરમાં હર્ષ પર્વત પર ચઢીને લોકોએ પ્રદર્શન કર્યુંહતું. હજારો લોકોએ ઓનલાઈન ચાલતા કેમ્પેઈનમાં હસ્તાક્ષર કરીને વિરોધ નોંધાવ્યો હતો. સુપ્રીમ કોર્ટમાં આ મુદ્દે ફરીથી સુનાવણી માગણી પણ ઉઠી છે. કેન્દ્ર સરકારે બે દિવસમાં બે વખત સ્પષ્ટતા કરવી પડી હતી છતાં લોકોનો રોષ શાંત પડયો નથી.

નવેમ્બર માસમાં સુપ્રીમ કોર્ટમાં અરવલ્લીના મુદ્દે એક સુનાવણી થઈ હતી. એમાં સુપ્રીમ



કોર્ટે કહ્યું હતું કે ૧૦૦ મીટરથી નીચી હોય અને બે પહાડીઓ વચ્ચે ૫૦૦ મીટરનું અંતર હોય એવા કિસ્સામાં તેને જંગલ માની શકાય નહીં. એ પહાડી અરવલ્લીમાં છે એ આધાર પર આવી નાની ટેકરીઓને વનભૂમિ ઘોષિત ન કરી શકાય. આવી જમીનનો નિર્ણય રેકોર્ડ અને વાસ્તવિકતાના આધારે થવો જોઈએ, માત્ર ઊંચાઈના માપદંડથી નિર્ણય થઈ શકે નહીં. આવા અર્થના નિર્ણય સામે હવે ફરીથી સુનાવણીની માગણી ઉઠી છે.


અરવલ્લી બચાવો અને પીપલ ફોર અરવલ્લી જેવા સંગઠનો તેમજ દિલ્હી, રાજસ્થાન, હરિયાણાના પર્યાવરણ કાર્યકરોનો દાવો છે




## ૧૫ ગામમાં મહિલાઓ માટે સ્માર્ટફોનના ઉપયોગ પર પ્રતિબંધ, રાજસ્થાનની પંચાયતનું તઘલખી ફરમાન

રાજસ્થાનના ઝાલોર જિલ્લામાં એક સામાજિક પંચાયતના નિર્ણયના કારણે વિવાદ છંછેડાઈ ગયો છે. ઝાલોરના ચૌધરી સમાજની પંચાયતે એક મોટો નિર્ણય લેતા ૧૫ ગામોમાં તમામ યુવતીઓ માટે સ્માર્ટફોન (કેમેરાવાળા ફોન) વાપરવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દીધો છે. આ આદેશ મુજબ, કોઈ પણ મહિલા ૨૬ જાન્યુઆરી પછી ફક્ત બેઝિક મોબાઈલ ફોનનો જ ઉપયોગ કરી શકશે.

અહીંના ગાઝીપુર ગામમાં રવિવારે સુજનરામ ચૌધરીના અધ્યક્ષસ્થાને સમાજની બેઠક મળી હતી. જેમાં સર્વાનુમતે નક્કી કરાયું કે આગામી ૨૬મી જાન્યુઆરીથી સમાજની દીકરીઓ અને પુત્રવધૂઓ સ્માર્ટફોનનો ઉપયોગ નહીં કરી શકે. આ નિયમ ઝાલોરના ગાઝીપુરા, પાવલી, કાલડા, મનોજિયાવાસ



સહિત કુલ ૧૫ ગામને લાગુ પડશે. મહિલાઓ લગ્ન પ્રસંગો, સામાજિક કાર્યક્રમો કે પડોશીના ઘરે જતી વખતે પણ સાથે મોબાઈલ ફોન લઈ જઈ શકશે નહીં. જો કોઈ મહિલાને વાત કરવી હોય તો તેને માત્ર બેઝિક કિ પેડ મોબાઈલ ફોન રાખવાની જ મંજૂરી મળશે. જો કે, અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ ઘરમાં અભ્યાસ માટે સ્માર્ટફોન વાપરી શકશે, પરંતુ ઘરની બહાર લઈ જઈ શકશે નહીં.

આ નિર્ણય પાછળ પંચાયતે વિચિત્ર તર્ક આપતા કહ્યું છે કે, અનેક મહિલાઓ કામમાં વ્યસ્ત રહેવા માટે બાળકોને સ્માર્ટફોન આપી દે છે, જેના કારણે બાળકોની આંખો પર ખરાબ અસર પડી રહી છે. આ ઉપરાંત સોશિયલ મીડિયા અને સ્માર્ટફોનના વધતા વળગણને સામાજિક મર્યાદા માટે જોખમી ગણાવીને આ પ્રતિબંધ લદાયો છે. વિરોધના સૂર પણ ઉઠ્યા પંચાયતના આ નિર્ણયની સોશિયલ મીડિયા અને અન્ય સામાજિક વર્તુળોમાં આકરી ટીકા થઈ રહી છે. લોકો આને વ્યક્તિગત સ્વતંત્રતા પર તરાપ અને 'તુગલકી ફરમાન' ગણાવી રહ્યા છે. આધુનિક યુગમાં જયાં ડિજિટલ ઈન્ડિયાની વાતો થઈ રહી છે, ત્યાં આવા પછાત નિર્ણયો સામે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......



તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

## આપણો વ્યવહાર એ જ આપણી ઓળખ: વર્તન સાચું દર્પણ

જાણીતા વિચારક અને લેખક મેક્સ મૂલરે કહ્યું છે કે વ્યક્તિના આચાર-વિચાર અને વ્યવહાર એ વ્યક્તિનું દર્પણ છે. તમે જેવા ભીતર હો છો, એવા જ તમે તમારા વ્યવહાર અને વર્તન દ્વારા લોકો સમક્ષ પ્રગટ થતા હોવ છો. કપડાં શરીર ઢાંકી શકે પણ તમારા મગજમાં શું ચાલે છે એ તમે ઢાંકી શકતા નથી, કેમ કે એ તો તમારા શબ્દો કે વ્યવહાર દ્વારા પ્રગટ થઈ જ જાય છે. આપણો વ્યવહાર એ જ આપણી ઓળખ બનતી હોય છે. આપણું વર્તન એ જ આપણું દર્પણ અને આપણી સાચી છબી બને છે. જયારે આપણને કોઈ પરિચિત સામે મળે ત્યારે વાતચીતની શરૂઆત આપણે કરી શકીએ અને કેમ છો? કહેવું જોઈએ. ફોન ઉપર પણ વાત કરતી વખતે હંમેશા સ્ફૂર્તિ અને તરવરાટ સાથે જ વાત કરવી જોઈએ. કેમ કે તમે અગર મૂડમાં નથી તો એ વાત ફોન કરનાર સામેની વ્યક્તિને ખબર ના હોય. આથી હંમેશા પ્રસન્ન રહીને જ વાત કરવી જોઈએ. ટેક્નોલોજીના આ જમાનામાં પણ વાંચનની ટેવ હોવી જોઈએ. ગમતું પુસ્તક વાંચવાથી મન પ્રસન્ન રહેશે. જયારે કોઈનો દોસ્તીનો હાથ લંબાયો હોય તો એની અવગણના કરવી જોઈએ નહિ. હંમેશા બહાદુરી દાખવવી જોઈએ.

હકારાત્મક જીવન જીવવા માટેના ફંડા આત્મસાત્ કરવા જોઈએ. આનંદ થાય ત્યારે ખુશી વ્યક્ત કરી લેવી જોઈએ. હાસ્ય તન-મનનું અમૃત છે. દરેક પરિસ્થિતિમાં પ્રસન્ન રહેવું જોઈએ. આપણાથી કોઈને હર્ટ ના થાય એનું ધ્યાન રાખવું જોઈએ. કોઈને કટુ વચન - ખરાબ શબ્દો ન કહેવા જોઈએ. આપણી અંગત વાતો અન્ય વ્યક્તિને કહેતા પહેલા હંમેશા સો વખત વિચાર કરવો જોઈએ એટલે કે ના જ કહેવી જોઈએ. તમને ખબર નથી હોતી કે તમે જેના ઉપર ભરોસો મૂકશો એ વ્યક્તિ જ તમારી વાતો અન્ય લોકો સુધી પણ પહોંચાડી શકે છે.

જયારે કોઈ વ્યક્તિ તમારી પાસે કોઈ કામ થાય એવી આશા લઈને આવે છે ત્યારે એની આશા માત્ર તમે જ હોવ, એવું બને. આથી કોઈને નિરાશ કરવા જોઈએ નહિ. શક્તિ પ્રમાણે ખર્ચ કરવો જોઈએ. ઉધારનું કંઈ પણ મળે તો પણ તે ના લેવું જોઈએ. કેમ કે ઉધારની ચુકવણી કરવાની કોઈ ગેરંટી હોતી નથી. જેના વિચારો નકારાત્મક હોય એવી વ્યક્તિઓ સાથે સંપર્ક રાખવો જોઈએ નહિ.જયારે તમે અન્ય વ્યક્તિ પાસે કામ કરાવી રહ્યા હોય ત્યારે સામી વ્યક્તિની ભૂલો એક વાર અથવા બે વાર માફ કરી શકાય પરંતુ ત્રીજી વાર તો કદાપિ નહિ. બીજી અથવા ત્રીજી તક તો કોઈને આપવી જોઈએ નહિ. જયારે તમને બીજાના કામથી સંતોષ થતો નથી તો બહેતર છે કે તે કામ આપણે જાતે જ કરી લેવું જોઈએ. આપણી નજીકની વ્યક્તિઓ, પરિવાર અને સંતાનો વગેરેને આપણે સમયની અને પૈસાની કિંમત યાને મૂલ્ય સમજાવવું જોઈએ.જયારે કોઈ સંબંધમાં વિવાદ કે અણબનાવની ગાંઠ પડી જાય ત્યારે તે સંબંધની ગાંઠને કાપી નાખવાના બદલે ઉકેલવાની કોશિશ કરવી જોઈએ. આપણા સ્વજનો, પરિવાર, સંબંધીઓની આપણે સમય સમય પર કાળજી લેતા રહેવું જોઈએ. કાળજી લેવી જ પૂરતું નથી પણ આપણા સ્વજનોને આ વાતનો અહેસાસ પણ કરાવતા રહેવું જોઈએ.

એમ કહેવાય છે કે કોઈને ઉંમર અને સેલરી પૂછવી જોઈએ નહિ, એમ જ કોઈની ટીકા-ટિપ્પણી પણ કરવી જોઈએ નહિ. કોઈની વાતો કોઈએ કહેલી કે સાંભળેલી હોય તેમાં સૂર પુરાવવો જોઈએ નહિ. જે વ્યક્તિ હાજર ના હોય અથવા મૃત્યુ પામી હોય એના વિશે બને તો વખાણ કરી શકાય પરંતુ એના વિશે નકારાત્મક તો ના જ બોલવું જોઈએ.આપણે જયારે આપણી સમસ્યા અન્ય લોકોને કહીએ છીએ ત્યારે એ સૌની પીઠ પાછળ આપણે જ હાસ્યાસ્પદ બની જતા હોઈએ છીએ. કેમ કે કોઈને તમારી સમસ્યામાં રસ હોતો જ નથી. લોકોને તમે કેટલા ઉપયોગમાં આવી શકો છો, એ વાત પૂરતો જ રસ હોય છે. કોઈ પણ કાર્ય કર્યા પછી અગર નિષ્ફળતા મળી હોય તો પણ પોતાની જાત ઉપર અફસોસ કરવો જોઈએ નહિ. જે વીતી ગયું એ ભૂતકાળ સમજીને ભૂલી જવામાં જ ભલાઈ છે.

જયારે તમારી સમક્ષ મોટી સમસ્યા આવી જાય ત્યારે સમજવું જોઈએ કે સફળતા પણ મોટી જ મળવાની છે. કોઈ પણ કાર્ય માટે હંમેશા એક જ વ્યક્તિ ઉપર આધારિત બનવું નહિ. શક્ય છે કે એક જ વ્યક્તિ ઉપર આધાર રાખો તો એ તમારી નબળાઈનું કારણ પણ બની શકે. કામ કરવાની બાબતમાં પણ હંમેશા એકથી વધુ વિકલ્પ ઊભા રાખવા જોઈએ.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે
• ૫-સિટર • ૭-સિટર •


સંપર્ક- અનિલભાઈ મો.97242 60058



સંપર્ક-મિતેશ દેસાઈ Mo-9879518431
બ્લોક નં. એ-૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાન્સપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ-૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

## ભારતને ૧૦૦ ટકા સ્વચ્છ હવા મેળવવામાં ૧૮૮ વર્ષ લાગશે: સ્ટેનફોર્ડ યુનિ.નો ચિંતાજનક રિપોર્ટ

ભારતની રાજધાની દિલ્હી સહિત અનેક શહેરોમાં પ્રદૂષણ વધી રહ્યું છે. આ સ્થિતિ વચ્ચે એક વૈશ્વિક રિપોર્ટમાં ચેતવણી આપવામાં આવી છે કે જો ભારત વર્તમાન ગતિથી સ્વચ્છ હવા મેળવતુ રહ્યું તો સંપૂર્ણ સ્વચ્છ હવા મેળવવામાં ભારતને ૧૮૮ વર્ષ લાગી શકે છે. સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના સંશોધકો દ્વારા આ તારણ બહાર પડાયું છે. જેમાં વધુમાં દાવો કરાયો છે કે ચીન આ લક્ષ્ય માત્ર ૨૫ વર્ષમાં જ પ્રાપ્ત કરી લેશે.

ચીનમાં અનેક વસ્તુઓનું ઉત્પાદન થાય છે જેને તે વિશ્વભરના માર્કેટમાં પહોંચાડી રહ્યું છે. અનેક ઉદ્યોગો અને ફેક્ટરીઓ ધમધમી રહી હોવા છતા ચીન પ્રદૂષણ સામે પગલા લેવામાં ભારત કરતા આગળ છે જે આ સ્ટડીના તારણમાં સામે આવ્યું છે. અમેરિકાના કેલિફોર્નિયામાં આવેલી સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના પર્યાવરણ નિષ્ણાતો દ્વારા એક તારણ બહાર પડાયું છે. જેમાં જણાવાયું છે કે ભારતને ૧૦૦ ટકા સ્વચ્છ એનર્જી મેળવવામાં હજુ ૧૮૮ વર્ષ લાગી શકે છે.



હાલ ભારત પ્રદૂષણ સામે જે પગલા લઇ રહ્યું છે તેને ધ્યાનમાં રાખીને આ અનુમાન લગાવવામાં આવ્યું છે. સ્ટડીમાં જણાવાયું છે કે વર્તમાન ગતિથી જો ભારત પ્રદૂષણ સામે કે સ્વચ્છ એનર્જી માટે પગલા ભરતુ રહ્યું તો ૧૮૮ વર્ષ લાગશે. બીજી તરફ ચીનની ગતિ વધુ હોવાથી તેને આ લક્ષ્ય પ્રાપ્ત કરવામાં માત્ર ૨૫ વર્ષનો જ સમય લાગશે તેવો દાવો પણ આ રિપોર્ટમાં કરવામાં આવ્યો છે.

સ્ટેનફોર્ડ, યુનિ. દ્વારા વિશ્વના ૧૫૦ જેટલા દેશોની પ્રદૂષણની સ્થિતિનો અભ્યાસ કર્યો હતો. રિપોર્ટ મુજબ ભારતને પોતાની ઉર્જા સિસ્ટમથી હવા પ્રદૂષણ અને કાર્બન ઉત્સર્જન પુરી રીતે ખતમ કરવામાં બે સદી જેટલો સમય લાગી શકે છે. જયારે અમેરિકા આ લક્ષ્ય પ્રાપ્ત કરવામાં ૨૧૨૮ સુધીનો સમય લગાવી શકે છે.

આ રિપોર્ટ એવા સમયે સામે આવી છે જયારે દિલ્હી સહિત કેટલાક શહેરો ભારે પ્રદૂષણનો સામનો કરી રહ્યા છે અને સ્વચ્છ હવા મેળવવા નાગરિકો ઝઝૂમી રહ્યા છે. ભારત પહેલાથી જ વિશ્વના સૌથી પ્રદૂષિત દેશોમાં સામેલ છે. વર્લ્ડ એર ક્વોલિટી રિપોર્ટ ૨૦૨૩ મુજબ વિશ્વના ૧૦૦ સૌથી પ્રદૂષિત શહેરોમાં ૮૩ ભારતમાં છે. ૨૦૨૨ માં ભારતમાં ૧૭ લાખ લોકો માનવ સર્જિત વાયુ પ્રદૂષણને કારણે મોતને ભેટ્યા હોવાનું તારણ અગાઉ સામે આવી ચુક્યું છે.

## સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ૬ કરોડનો હાઈબ્રીડ ગાંજો ઝડપાયો: ડ્રગ્સ માફિયાઓએ હેરાફેરીનો રૂટ બદલ્યો!, બે શખસોની ધરપકડ



સુરત- અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર છેલ્લા કેટલાક સમયથી હાઈબ્રીડ ગાંજો અને ગોલ્ડ સાથે પ્રવાસીઓ પકડાઈ રહ્યા છે. જેના કારણે હવે ડ્રગ્સની હેરફેર કરતા પેડલરોએ સુરત તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું હોય તેમ લાગી રહ્યું છે. સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી વધુ એક વખત હાઈબ્રીડ ગાંજાની હેરાફેરીનો પર્દાફાશ થયો છે. સુરત પોલીસે બાતમીના આધારે એરપોર્ટ પરથી ૬ કરોડની કિંમતના ૧૭ કિલો ૭૦૦ ગ્રામ હાઈબ્રીડ ગાંજા સાથે બે શખસોને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

## ખોલવડમાં બાંધકામ પરથી પડી સૌરાષ્ટ્રવાસીનું મોત: પાણી છાંટતી વખતે પગ લપસતા ગંભીર ઈજા થઈ, પોલીસ તપાસ

**બારડોલી-** કામરેજના ખોલવડ ખાતે એક બાંધકામ સાઇટ પર પાણી છાંટતી વખતે પગ લપસી જતાં ૪૧ વર્ષીય સૌરાષ્ટ્રવાસીનું મોત થયું છે. આ ઘટનામાં ગંભીર ઇજાઓ થતાં તેમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જયાં સારવાર દરમિયાન તેમનું નિધન થયું હતું.



મૃતક અરવિંદભાઈ મેઘજીભાઈ બોરાડ (ઉંમર ૪૧) મૂળ અમરેલી જિલ્લાના કુબડા ગામના વતની હતા અને હાલ કામરેજમાં આકૃતિ બંગ્લોઝમાં રહેતા હતા. તેઓ ખોલવડમાં ઓપેરા પ્રિન્સની બાજુમાં આવેલા ઓરેન્જ વિલા રો-હાઉસના ચાલી રહેલા બાંધકામમાં કામ કરી રહ્યા હતા. પાણી છાંટતી વખતે અચાનક તેમનો પગ લપસી ગયો હતો અને તેઓ ધડાકાભેર જમીન પર પટકાયા હતા. તેમને શરીરના વિવિધ ભાગોમાં ગંભીર ઇજાઓ પહોંચી હતી. તાત્કાલિક તેમને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત નીપજયું હતું. કામરેજ પોલીસે આ ઘટના અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બીજી એક ઘટનામાં, બારડોલી તાલુકાના બાબલા ગામેથી ૩૨ વર્ષીય પરિણીતા રહસ્યમય સંજોગોમાં ગુમ થઈ છે. પત્ની ઘરેથી કોઈને જાણ કર્યા વગર એક્ટિવા લઈને નીકળી ગયા બાદ પરત ન ફરતા પતિએ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

બાબલા ગામના માહ્યાવંશી મહોલ્લામાં રહેતા નિકુંજભાઈ જયંતિભાઈ પરમારની પત્ની પાયલબેન (ઉંમર ૩૨) ગત તારીખ ૨૧-૧૨-૨૦૨૫ ના રોજ બપોરના ૧૨.૩૦ થી ૧૪.૩૦ વાગ્યા દરમિયાન પોતાના ઘરેથી નીકળી ગયા હતા.

તેઓ પોતાની એક્ટિવા મોપેડ લઈને ગયા હતા. પરિવારજનોએ તેમની શોધખોળ હાથ ધરી હતી, પરંતુ હજુ સુધી તેમની કોઈ ભાળ મળી નથી.

## બાબરી મસ્જિદ બનાવવાનું એલાન કરનારા હુમાયુએ બનાવી નવી પાર્ટી, TMCએ કર્યા હતા સસ્પેન્ડ



પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી પહેલા રાજકારણ ગરમાયું છે. મુર્શિદાબાદમાં અયોધ્યાની બાબરી મસ્જિદ જેવી જ નવી મસ્જિદનો શિલાન્યાસ કરીને વિવાદોમાં આવેલા તૃણમૂલ કોંગ્રેસના સસ્પેન્ડેડ ધારાસભ્ય હુમાયુ કબીરે પોતાની નવી પાર્ટીનું એલાન કર્યું છે. કબીરે પોતાની પાર્ટીનું નામ જનતા ઉન્નયન પાર્ટી રાખ્યું છે. પાર્ટીના ચૂંટણી ચિહ્ન માટે હુમાયુ કબીરે કહ્યું કે, મારી પહેલી પસંદ 'ટેબલ' છે. બીજી પસંદગી ટ્વિન રોઝિઝ છે.

હુમાયુ કબીરે જણાવ્યું છે કે, જો જરૂર પડશે તો હું તમામ ૨૯૪ બેઠકો પર ઉમેદવારો ઉતારીશ. જોકે આજે બપોરે તેઓ જિલ્લાના રેજીનગરમાં આયોજિત સભામાં પાર્ટીના નામની ઔપચારિક જાહેરાત કરશે. સભા માટે સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

હુમાયુએ મીડિયાને જણાવ્યું કે, મારી પાર્ટી માત્ર સામાન્ય લોકોના વિકાસની વાત કરશે. આ જ આધાર પર 'જનતા ઉન્નયન પાર્ટી' નામ રાખવામાં આવ્યું છે. ઉન્નયનનો અર્થ વિકાસ થાય છે.

કબીરે તૃણમૂલ અને ભાજપના વિરોધીઓને એક થવા અને બંગાળમાં મમતા બેનર્જીની તૃણમૂલ કોંગ્રેસ સરકારને હટાવવા માટે આવતા વર્ષે ગઠબંધનમાં વિધાનસભા ચૂંટણી લડવા અપીલ કરી.

ઉલ્લેખનીય છે કે, હુમાયુ કબીરે ૬ ડિસેમ્બરના રોજ મુર્શિદાબાદ જિલ્લાના ભરતપુર વિસ્તારમાં બાબરી મસ્જિદ જેવી મસ્જિદનો શિલાન્યાસ કર્યો હતો. આ કાર્યક્રમમાં તેમણે વિવાદાસ્પદ નિવેદન આપતા કહ્યું હતું કે, ૩જો અયોધ્યામાં બાબરી મસ્જિદ તોડી શકાય છે, તો અમે મુર્શિદાબાદની ધરતી પર ફરીથી બાબરી મસ્જિદ બનાવી શકીએ છીએ. આ શિલાન્યાસ બાદ રાજકારણમાં ભારે વિવાદ સર્જાયો હતો. આ ધાર્મિક વિવાદ બાદ હુમાયુ કબીરે હવે રાજકીય નવી શરૂઆત કરવાનો નિર્ણય લીધો છે.

## પતરાના શેડમાં બનેલા ગોડાઉનમાં આગનો ડ્રોન વીડિયો

## ગોડાદરામાં ભીષણ આગથી ફર્નિચર સહિત ૨૦ ગોડાઉનોમાં કરોડોનું નુકસાન, ૮ કલાકે આગ સંપૂર્ણ કાબૂમાં

સુરત- સુરતના ગોડાદરા વિસ્તારમાં આવેલા દેવધ ગામ ખાતે ગત રોજ મોડી સાંજે પતરાના શેડમાં બનાવવામાં આવેલા અંબિકા ફર્નિચર અને ટ્રાન્સપોર્ટના ગોડાઉનોમાં એકાએક ભીષણ આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં ૨૪ પૈકી ૨૦ જેટલા ગોડાઉનો આગની લપેટમાં આવી ગયા હતા, જેમાં રહેલો કરોડોનો માલસામાન બળીને ખાખ થઈ ગયો છે. સમગ્ર આગ પર ૮ કલાકથી વધુ સમય કાબૂ મેળવતા થયો હતો.



મળતી માહિતી પ્રમાણે, ગોડાદરા દેવધ ગામ પાસે આવેલા દેવધ પોલિસ ચોકી નજીક ખુલ્લા પ્લોટમાં પતરાના શેડમાં અલગ અલગ ગોડાઉન આવેલા છે. જે પૈકી અંબિકા ફર્નિચર નામથી ગોડાઉન બનાવવામાં આવ્યું છે. જેમાં સોમવારે સાંજે ૬.૪૨ કલાકે આગ લાગી હતી. જોતજોતામાં આગ ફેલાઈને આજુબાજુમાં આવેલા અન્ય ગોડાઉનમાં ફેલાતા ભીષણ બની હતી.

ગોડાઉનના માલિકો તથા સ્થાનિક લોકોમાં ભાગદોડ મચી ગઈ હતી. ઘટનાની જાણ ફાયર વિભાગને કરવામાં આવતા ડુંભાલ, ડિંડોલી, માનદરવાજા, સરથાણા, મજુરા, ભીમરાડ, મોરાભાગળ, અડાજણ, ભેસ્તાન સહિતના ૧૫થી વધુ ફાયર સ્ટેશનોની ટીમ તથા ફાયર વિભાગના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. આગની તીવ્રતા એટલી વધારે હતી કે તેને કાબૂમાં લેવા માટે ૨૫થી વધુ ગાડીઓ ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર વિભાગના ૧૦૦થી વધુ જવાનોએ ભારે જહેમત બાદ મોડી રાત્રે અઢી વાગ્યે આગ પર અંકુશ મેળવ્યો હતો. જે જગ્યાએ આગ લાગી હતી ત્યાં તમામ પતરાના શેડ સંપૂર્ણપણે ગેરકાયદેસર ઉભા કરવામાં આવ્યા હતા.

આ ગેરકાયદે બાંધકામોને કારણે ફાયરના જવાનોને અંદર પહોંચવામાં અને પાણીનો મારો ચલાવવામાં ભારે મુશ્કેલી પડી હતી. અંતે, મોડી રાત્રે ૩ જેટલા જેસીબી મશીનો બોલાવીને પતરાના શેડ તોડવામાં આવ્યા હતા, ત્યારબાદ જ જવાનો આગના કેન્દ્ર સુધી પહોંચી શક્યા હતા.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# કામરેજમાં ભરવાડ સમાજે તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કર્યું
# શ્રી માલાભાઈ ટ્રસ્ટે ૨૧ જરૂરિયાતમંદ મહિલાઓને ઘરની ચાવી આપી






**બારડોલી-**સુરત જિલ્લાના કામરેજ ખાતે અઢારે આલમ માટે પ્રેરણારૂપ બને તેવો એક ભવ્ય કાર્યક્રમ ભરવાડ સમાજ દ્વારા યોજવામાં આવ્યો હતો. શિક્ષણ અને સમાજ સેવાને પરમ લક્ષ્ય માનીને 'શ્રી માલાભાઈ સારાભાઈ ભડિયાદરા એજ્યુકેશન ટ્રસ્ટ' દ્વારા વિદ્યાર્થી સન્માન સમારોહ અને સ્નેહમિલનનું આયોજન કરાયું હતું. જેમાં સંતો-મહંતો અને શિક્ષણ જગતના માંધાતાઓની ઉપસ્થિતિમાં સમાજના ઉત્થાનનો સંકલ્પ દોહરાવવામાં આવ્યો હતો. ટ્રસ્ટના પ્રમુખ વિજય ભરવાડે શિક્ષણના વિષય ઉપર ભાર મૂકી દીકરા દીકરીઓને દુનિયામાં ડંકો વગાડવા આહવાન કર્યું હતું.

કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત સુરત જિલ્લા શિક્ષણ અધિકારી ભગીરથ સિંહ પરમારે જણાવ્યું હતું કે, શ્રી માલાભાઈ સારાભાઈ ટ્રસ્ટ સંચાલિત આજના વિદ્યાર્થીઓના ઇનામ વિતરણ સમારોહ અને બહેનોને વિતરણ માટેના સન્માન સમારોહની અંદર ઉપસ્થિત રહેવાનો મોકો મળ્યો. વિજયભાઈ અને તેમની સમગ્ર ટીમ દ્વારા ખૂબ જ સુંદર કાર્ય થઈ રહ્યુ છે. આ સમાજ દ્વારા સૌ પ્રથમવાર વિદ્યાર્થીઓના સન્માન યોજાયો છે.

વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે અને વિદ્યાર્થીઓને શૈક્ષણિક કારકિર્દી થાય એ માટે આ સુંદર મજાનો કાર્યક્રમ યોજાયો. વિદ્યાર્થી ૯૦- ૯૦ ટકા કરતાં પણ વધારે આગળ વધી રહ્યા છે. વિદ્યાર્થીઓ સ્પોર્ટમાં પણ આગળ વધે તે માટે સુંદર મજાનુંઆયોજન કરવામાં આવ્યું છે. જે વિદ્યાર્થીઓમાં સુસુપ્ત શક્તિ વિકસે અથવા જે વિદ્યાર્થીઓમાં સુસુપ્ત શક્તિ પડેલી. વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાનો સુંદર કાર્યક્રમ થયો એ બદલ વિજયભાઈ અને એમની સમગ્ર ટીમને ખુબ ખુબ અભિનંદન આપું છું.

નગરપાલિકાના આરોગ્ય વિભાગે બોલાવ્યો સપાટો

# બારડોલી ખાઉધરા ગલી અને માર્કેટમાં સપાટો, દબાણ હટાવી રસ્તો મોકળો કર્યો



**બારડોલી-** બારડોલી નગરમાં સ્વચ્છતા જાળવવામાં નિષ્ફળ રહેતા અને જાહેર માર્ગો પર ગંદકી ફેલાવતા તત્વો સામે બારડોલી નગરપાલિકાના આરોગ્ય વિભાગે સોમવારે સપાટો બોલાવ્યો હતો. શહેરની ખાઉધરા ગલી, અસ્તાન-તેન રોડ અને શાકભાજી માર્કેટ જેવા ગીચ વિસ્તારોમાં ચેકિંગ હાથ ધરી નિયમભંગ કરનારા દુકાનદારો અને લારીધારકો પાસેથી કુલ ૧૫ હજાર રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો હતો.

માત્ર ગંદકી જ નહીં, પણ રસ્તા પર અતિક્રમણ કરનારાઓ સામે પણ પાલિકાએ કડક વલણ અપનાવ્યું હતું. શાકભાજી માર્કેટમાં અનેક વેપારીઓએ દુકાનની બહાર કેરેટ ગોઠવીને જાહેર માર્ગ દબાવી દીધો હતો.

જેના કારણે ખરીદી માટે આવતી મહિલાઓ અને ગ્રાહકોને અવરજવરમાં ભારે હાલાકી ભોગવવી પડતી હતી. પાલિકાની ટીમે સ્થળ પર પહોંચી તમામ દબાણો હટાવી રસ્તો ખુલ્લો કરાવ્યો હતો.

# બારડોલી ભુવનેશ્વરી સોસાયટીના ૨૧૮ મતદારોના નામ નવી યાદીમાં ગાયબ



**બારડોલી-** ચૂંટણી પંચ દ્વારા હાલમાં ચાલી રહેલા ''મતદાર સુધારણા કાર્યક્રમ'' વચ્ચે બારડોલી વહીવટી તંત્રની ઘોર બેદરકારીનો નમૂનો પ્રકાશમાં આવ્યો છે.

બારડોલી નગરપાલિકાના વોર્ડ નંબર ૨ માં આવેલી ભુવનેશ્વરી સોસાયટીના તમામ મતદારોના નામ નવી ડ્રાફ્ટ યાદીમાંથી ગુમ થઈ જતાં ભારે હોબાળો મચી ગયો છે. અગાઉ જે સોસાયટીમાં સેંકડો મતદારો હતા, તે નવી યાદીમાં જાણે અસ્તિત્વમાં જ ન હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

ગત ૧૯ મી તારીખે જાહેર કરાયેલી નવી ડ્રાફ્ટ મતદાર યાદી જોતા રહીશો ચોંકી ઉઠ્યા હતા. અગાઉની યાદીમાં ભુવનેશ્વરી સોસાયટીના ક્રમ ૪૩૩ થી ૬૫૦ સુધીના કુલ ૨૧૮ મતદારો સ્પષ્ટ રીતે નોંધાયેલા હતા.

જોકે, નવી યાદીમાં આ આખી સોસાયટી અને તેના તમામ મતદારોનું નામ નિશાન જોવા મળતું નથી. આટલા મોટા સ્તરે થયેલા છબરડાને કારણે સ્થાનિક રહીશોમાં રોષ અને અન્યાયની લાગણી વ્યાપી છે.

ગફલત સામે આવતા જ સ્થાનિક આગેવાન ઈશ્વરભાઈ ભંડારીએ બારડોલી પ્રાંત અધિકારીને રજૂઆત કરી તપાસની માંગ કરી છે. જો સમયસર આ ભૂલ સુધારવામાં નહીં આવે, તો આગામી ચૂંટણીમાં ૨૦૦થી વધુ જાગૃત નાગરિકો પોતાના પવિત્ર મતાધિકારથી વંચિત રહી જાય તેવી ભીતિ સેવાઈ રહી છે. આટલી મોટી ઓપરેશનલ ભૂલ બદલ જવાબદાર ઓપરેટર કે અધિકારી એવો પ્રશ્ન પણ ઉઠવા પામ્યો છે.

# વ્યારાની ગૃહિણીએ નારિયેળના કચરાને કલામાં ફેરવ્યો, મેળામાં કોઇર આર્ટની ધૂમ



વ્યારા- તાપી જિલ્લાના વ્યારાની એક ગૃહિણીએ સાબિત કરી દીધું છે કે જો મનમાં અતૂટ શ્રદ્ધા અને કંઈક નવું કરવાની તમન્ના હોય તો કચરામાંથી પણ કંચન પેદા કરી શકાય છે. વ્યારાના જાગૃતિબેન ગામીતે નારિયેળના નકામા રેસા (કોઇર) માંથી અદભૂત કલાત્મક ચીજવસ્તુઓ બનાવી આત્મનિર્ભરતાની અનોખી મિસાલ પેશ કરી છે.

જે નારિયેળના રેસાઓને લોકો નકામા સમજી ફેંકી દેતા હોય છે, તેને જાગૃતિબેને પોતાની કળાથી મૂલ્યવાન બનાવ્યા છે. તેમણે રેસાઓમાંથી ગણેશજીની મનમોહક પ્રતિમાઓ, કલાત્મક ટોપલીઓ અને ઘરની સજાવટ માટેની વિવિધ વસ્તુઓ તૈયાર કરી છે. આ ઇકો-ફ્રેન્ડલી પ્રોડક્ટ્સ હાલ વ્યારામાં યોજાયેલા ૪સશક્ત નારી મેળા માં મુલાકાતીઓમાં ભારે આકર્ષણ જગાવી રહી છે.

કડોદરામાં થર્મોકોલ ગોડાઉનમાં ભીષણ આગ

# શોર્ટ સર્કિટથી લાગી, ફેક્ટરી પણ ઝપેટમાં, ધુમાડા ૨ કિમી દૂર સુધી દેખાયા



**બારડોલી-** સુરત જિલ્લાના કડોદરામાં આવેલા એક થર્મોકોલના ગોડાઉનમાં ભીષણ આગ લાગી હતી. શોર્ટ સર્કિટના કારણે લાગેલી આ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને તેની બાજુમાં આવેલું લેથ મશીનોનું કારખાનું પણ તેની ઝપેટમાં આવી ગયું હતું.

પ્રાથમિક માહિતી અનુસાર, આ આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હતી. થર્મોકોલના દાણા હોવાને કારણે આગ ઝડપથી ફેલાઈ હતી અને તેણે ભયાવહ સ્વરૂપ ધારણ કર્યું હતું. ગોડાઉનની બાજુમાં જ વીજ થાંભલો હોવાથી વધુ શોર્ટ સર્કિટ થવાની આશંકા પણ વ્યક્ત કરવામાં આવી હતી.

આગ લાગતાની સાથે જ વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. આગની જાણ થતા બારડોલી, પલસાણા અને કડોદરાની ફાયર ટીમો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો શરૂ કર્યા હતા.

આગ એટલી વિકરાળ હતી કે તેના ધુમાડાના ગોટેગોટા ૨ કિલોમીટર દૂર સુધી દેખાઈ રહ્યા હતા. આગને કારણે ૨ કિલોમીટર સુધીનો ટ્રાફિક વ્યવહાર પણ જામ થઈ ગયો હતો. નોંધનીય છે કે આ જ ગોડાઉનમાં આગ લાગવાની આ બીજી ઘટના છે. સદનસીબે, આ ઘટનામાં હજુ સુધી કોઈ જાનહાનિના સમાચાર મળ્યા નથી.

# તાપી જિલ્લા સંકલન અને રોડ સેફ્ટી, પુરવઠા અને તકેદારી સમિતિની બેઠક



વ્યારા- તાપી જિલ્લા વિકાસ અધિકારી રામનિવાસ બુગાલિયાના અધ્યક્ષપદે જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે યોજાઈ હતી. જેમાં બુગાલિયાએ જિલ્લામાં બનતી નકારાત્મક ઘટનાના અહેવાલને કેન્દ્રમાં રાખીને ત્વરિત નિકાલ અંગે સંબંધિત વિભાગના અધિકારીને સૂચનો કર્યા હતા.

વધુમાં પોર્ટલ તેમજ અરજદારો દ્વારા જિલ્લા અને તાલુકા સ્વાગત કરવામાં આવેલા પ્રશ્નોનું ત્વરિત નિરાકરણ લાવવા પણ સૂચના આપી હતી. આ ઉપરાંત, બેઠકમાં પડતર અરજીઓ, નિવૃત્ત કર્મચારીઓના પેન્શન કેસો, ઇ-સરકાર પોર્ટલની અમલવારી તેમજ જનપ્રતિનિધિઓની રજૂઆતો અને પ્રશ્નો સહિતની તમામ બાબતો પર ઝીણવટપૂર્ણ ચર્ચા કરીને તેના નિરાકરણ માટે અમલીકરણ અધિકારીઓને તાકીદ કરી હતી.

નોંધનીય છે કે, સંકલન બેઠક બાદ નિવાસી અધિક કલેક્ટર આર. આર. બોરડના અધ્યક્ષસ્થાને રોડ સેફ્ટી, પુરવઠા અને તકેદારી આયોગની બેઠક યોજાઈ હતી.


ANILDARBAR
Mo: 97242 60058
DHARMESH PATEL
Mo: 99250 47272

વી. એસ. ચીકન કોર્નર
ચિકન, મટન, ફીસ, ઝીંગા તેમજ ઇંડાની દરેક આઇટમ મળશે...

મુ. પો. સેવણી, પેટ્રોલ પંપની બાજુમાં,
તા. કામરેજ, જી. સુરત

જોઈએ છે..! જોઈએ છે..!

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..
આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો
સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો
http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

દુકાન ભાડે આપવાની છે...
શાસ્ત્રી રોડ તથા ગાંધી રોડ પર
ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી

બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, ટારગેટ મોલ નજીક, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...
આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808


કન્ટ્રકશન અને બાંધકામ માટે સંપર્ક કરો
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફલોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).